Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૦૪
તા.૩૦-૦૮-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૩ સૂર્યાસ્ત : ૦૬:૫૯
તાપમાન
ડીસા ૩૪.૬ | વડોદરા ૨૮.૪
અમદાવાદ ૩૩.૪ | સુરત ૨૮.૨
ગાંધીનગર ૩૪.૦ | નલિયા ૩૩.૬
ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

મુંબઈ જળબંબાકાર : જનજીવન ઠપ

બાંદરા, પરેલ, વરલી, શાંતાક્રુઝ, વડાલામાં ૧૦ ઈંચ વરસાદ : લોકોને ઘરમાં રહેવાની સલાહ : તમામ જગ્યાઓ ઉપર પાણી ભરાયા : લોકલ ટ્રેન સેવા બંધ કરવાની ફરજ : હાઈએલર્ટની જાહેરાત

મુંબઈ

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં અતિ ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ઠપ થઇ ગયું છે. ટ્રેન, વિમાની સેવા અને વાહન વ્યવહાર ખોરવાઈ પડ્યો છે. સમગ્ર મુંબઈ જળબંબાકાર થઇ ગયું છે. મુંબઈના મોટાભાગના વિસ્તારોમાં ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી ગયો છે. બાંદરા, પરેલ, વરલી, વડાલા, શાંતાક્રૂઝ જેવા વિસ્તારોમાં ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ થયો છે. ભારે વરસાદ બાદ લોકોને ઘરમાં રહેવા માટે સૂચના આપવામાં આવી છે. હાઈએલર્ટની પણ જાહેરાત કરવામાં આવી છે. આગામી ૨૪ કલાક દરમિયાન સતત ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. સ્થિતિને ધ્યાનમાં લઈને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા લોકોને ઓફિસથી તરત ઘરે પહોંચી જવા માટે કહેવામાં આવ્યું છે. મુંબઈના તમામ રસ્તાઓમાં પાણી ભરાઈ ગયા છે. ટ્રેન અને વિમાની સેવા પણ ઠપ થઈ ગઈ છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ઓફિસ પહોંચેલા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યું છે કે, તમામ સરકારી ઓફિસોને જરૂરી આદેશો કરવામાં આવ્યા છે. કર્મચારીઓને વહેલીતકે રજા આપી દેવામાં આવી છે. ખાનગી ઓફિસમાં કામ કરતા લોકોને વહેલીતકે પરત ફરવાનું કહેવામાં આવ્યું છે. બાંદરા, પરેલ, વડાલા, પરેલ, જોગેશ્વરી સહિતના તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગઆ છે. મુંબઈના અનેક વિસ્તારોમાં ગઈકાલ રાતથી જ ભારે વરસાદની શરૂઆત થઈ હતી. બીએમસીના કહેવા મુજબ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સવારે ૮.૩૦ વાગ્યાથી પણ અવિરત વરસાદ પડી રહ્યો છે. બીએમસીના કર્મચારીઓ પંપનો ઉપયોગ કરીને પાણીનો નિકાલ કરી રહ્યા છે. પરેલના કેઈએમ હોસ્પિટલમાં પણ પાણી ઘુસી ગયા છે. સોસાયટીઓમાં પણ પાણી ઘુસી ગયા છે. વીપી રોડ એરિયામાં પોસ્ટર ફ્રેમ પડી જતાં ચાર લોકો ઘાયલ થયા છે. હાર્બર લાઈન લોકલ ટ્રેન સેવા બંધ કરી દેવામાં આવી છે. ચુનાભટ્ટી, વડાલા, કુરલામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. સ્કૂલોમાં રજાની જાહેરાત કરી દેવામાં આવી છે. દરિયામાં ઉંચા મોજા ઉછળવાની ચેતવણી જારી કરવામાં આવી છે. સાવચેતીરુપે પાણીમાં ડ્રાઈવિંગ ન કરવા અને ફોનને ચાર્જ રાખવા માટેની અપીલ કરવામાં આવી છે. બીએમસી તરફથી ઈમરજન્સી નંબર ૧૯૧૬ જારી કરવામાં આવ્યો છે. બાંદરા રેલવે સ્ટેશનના સિગ્નલની વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. માટુંગા રેલવે ટ્રેક ઉપર પાણી ફરી વળ્યા છે. લોકલ ટ્રેન સેવા બંધ કરવાની ફરજ પડી છે. અંધેરી સબવેને બંધ કરવાની ફરજ પડી છે. વિમાની સેવા ખોરવાઈ ગઈ છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આજે બનાસકાંઠા જીલ્લાની મુલાકાતે

" દિયોદર મુકામે જંગી જનમેદનીને સંબોધન કરશે."

પાલનપુર

મુખ્યરમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આજે તા.૩૦ ઓગષ્ટ, બુધવારના રોજ બનાસકાંઠા જીલ્લાની મુલાકાતે પધારી રહ્યા છે. બપોરે ૧-૩૦ કલાકે દિયોદર મુકામે જેતડા ત્રણ રસ્તા ખાતે આવેલ મેદાનમાં મુખ્યમંત્રીશ્રી જંગી જનમેદનીને સંબોધશે. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનુ કલ્યાણ વિભાગના રાજયમંત્રીશ્રી કેશાજી ચૌહાણ સહિત મહાનુભાવો અને વિશાળ સંખ્યાલમાં લોકો ઉપસ્થિાત રહેશે.

દીઓદરમાં આજે મુખ્યમંત્રીના હસ્તે સહાયના ચેકો અર્પણ કરાશે

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લામાં આવેલ અતિવૃષ્ઠી બાદ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સતત બનાસકાંઠા જીલ્લામાં પાંચ દિવસ રહી લોકોની વેદનાઓ સાંભળ્યા બાદ સરકારી સહાયની જાહેરાત કરેલ.સરકાર દ્વારા અસરગ્રસ્ત લોકોને સહાય તાત્કાલીક ધોરણે મળી રહે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજરોજ દીઓદર ખાતે બપોરે ૧૨ કલાકે જેતડા રોડ દીઓદર ખાતે ઉપસ્થિત રહી લાભાર્થીઓને ચેક વિતરણ કરવાના છે.

મુખ્યમંત્રી જ્યાં સભાને સંબોધન કરવાના છે ત્યાં વિશાળ મંડપ ઉભો કરવામાં આવેલ છે. તેમજ હેલીપેડ બનાવવામાં આવેલ છે. રાજ્યમંત્રીશ્રી કેશાજી ચૌહાણ, જિલ્લા પોલીસ વડા શ્રી બડગુજર, તથા દીઓદર પ્રાંત અધિકારીશ્રી એ.ડી.ચૌહાણ, એસ.પી શ્રી અક્ષયરાજ મકવાણા સાથે સભા સ્થળની મુલાકાત લીધેલ.

અનુસંધાન પાના નં.૬

વિચાર વૈભવ...

ગુલાબ

એક બાવાજી- સાધુ... તીર્થયાત્રાના વિચારો બનાવી રહ્યા હતા.

અને એના માટે જરૂરી ઉપકરણો તથા પૈસા પણ એકઠા કરવાની તજવીજમાં હતા.

દિવસ- રાત એમના મગજમાં આજ વિચારો ઘુમરાયા કરે અને એના માટે જ એ ઘૂમ્યા કરે...

એક રાત્રે એમને એક સ્વપ્ન આવ્યું.

સ્વપ્નમાં તેમણે જોયુંઃ 'હિમાલયના એક ગામડામાં ચંપલ સાંધવાનો ધંધો કરીને પોતાનું ગુજરાત ચલાવતો એક ભક્ત, નામે શ્યામુ, રહે છે.

અને એ શ્યામુ ભક્ત તેમને કંઈક કહી રહ્યો છે. પણ કાંઈ ધ્યાનમાં આવતું નથી.'

એટલે બીજે જ દિવસે સાધુબાવા શ્યામુને શોધતા- શોધતા તેના ગામે- ઘરે પહોંચી ગયા.

ઔપચારિક વાતો અને અતિથિ પૂજા બાદ શ્યામુએ સાધુબાવાને અહીં સુધી અર્થાત્ પોતાનું આંગણું પાવન કરવાનું પ્રયોજન પૂછ્યું.

સાધુબાવાએ પોતાનો તીર્થયાત્રાનો મનસુબો કહ્યો અને તે દરમિયાન આવેલા આ સ્વપ્નની સાંકેતિક વાત કહી.

ત્યારે શ્યામુએ હાથ જોડીને કહ્યુંઃ 'મેં તો કશું જ કહ્યું નથી. પણ તે છતાંય કોઈ દિવ્ય પુરુષ મારે મુખે કહેવડાવવા માંગતા હોય તો હું એટલું જ કહેવા માંગુ છું કે જે માયાને છોડી તમે સાધુપણું સ્વીકાર્યું છે, એ જ માયામાં- ધનના ચક્કરમાં પડશો નહીં.'

એક ક્ષણ અટકી, સાધુની સૌમ્યતાને અકબંધ રહેલી જોઈ તેણે કહ્યુંઃ 'ધનના ચક્કરમાં તો માણસ ધનચક્કર બની જાય છે.'

અને બાવાએ બધા જ પૈસા ફગાવી દીધા.

આંતરચક્ષુ ઊઘડી ગયેલા બાવાએ ધન વિના જ તીર્થની પ્રદક્ષિણા કરી.

- પં.રાજહંસવિજયજી ગણિ

સાર સમાચાર...

ગુજરાતભરમાં અતિ ભારે વરસાદની ચેતવણી

અમદાવાદ

ગુજરાતમાં આગામી બે દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજયના અનેક ભાગોમાં આજે પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદની આગાહી આજ માટે પણ કરવામાં આવી હતી. ગુજરાતના જુદા જુદા ભાગોમાં આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ભારે વરસાદ થઇ શકે છે. કારણ કે બે સિસ્ટમ રાજ્યો ઉપર સર્જાઈ રહી છે જે પૈકી દક્ષિણી રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં મોર્નિંગ અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાઈ રહી છે. બીજી બાજુ આઈએમડીનું કહેવું છે કે, ગુજરાત પ્રદેશ અને અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં ઉલ્લેખનીય વરસાદ નોંધાઈ રહ્યો છે.

બનાસકાંઠામાં શંકાસ્પદ સ્વાઈનફ્લૂના કારણે બે વ્યક્તિના મોત થતા ચકચાર

પાલનપુર સિવિલમાં શંકાસ્પદ સ્વાઇન ફ્લૂથી વધુ એક દર્દીનું મોત

સંજય જોષી

પાલનપુર

રાજ્યભરમાં સ્વાઇનફ્લૂ કહેર મચાવી રહ્યો છે. ત્યારે આજે પાલનપુર સિવિલમાં વધુ એક શંકાસ્પદ સ્વાઇનફ્લૂના દર્દીએ દમ તોડ્યો હતો. જે મોતને લઈને સિવિલની બેદરકારી સામે આવી હોવાનો આક્ષેપ થયો હતો.

પાલનપુર સિવિલમાં ડીસાથી શંકાસ્પદ સ્વાઈનફ્લૂનું દર્દી રીફર થઈને આવ્યું હતું. જેને ઓ.પી.ડી માં લઇ જવાયું હતું. જોકે, સિવિલના રેઢિયાળ તંત્રના કારણે દર્દીને તાત્કાલિક સારવાર ન મળતા તેણે ઓ.પી.ડી.માં જ દમ તોડ્યો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

મૃતક દેવાજી રાયમલજી ઠાકોર ઉ.૫૫ રહે. ડીસાના સ્વજનોના જણાવ્યા મુજબ, શંકાસ્પદ સ્વાઇન્ફલૂના દર્દી હોવા છતાં સિવિલના રેઢિયાળ તંત્રે સ્ટ્રેચર માટે દર્દી ના સગાઓને રઝળપાટ કરાવી હતી. તેમજ સમયસર સારવાર આપવાને બદલે સિવિલનો સ્ટાફ એકબીજાને ખો આપી રહ્યો હતો.

જોકે, મૃત્યુ બાદ મૃતહદેહ ને ટ્રોમાં સેન્ટરમાં રખાયો હતો. ત્યારે સ્વાઇન્ફલૂ જેવી બીમારીમાં પણ "આદત સે મજબૂર" સિવિલ સત્તાવાળાઓ સુધરવાનું નામ લેતા ન હોવાનો બળાપો દર્દીના સગાઓએ ઠાલવ્યો હતો.

ઈકબાલગઢના દર્દીનું સ્વાઈનફ્લૂથી મોત

જિલ્લામાં સ્વાઈન ફ્લૂથી ૨ લોકોના મોત થયા છે જેમાં સવારે ઈકબાલગઢ ના કાંતિભાઈ ફોસીનું સ્વાઈન ફ્લૂથી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં મોત થયું હતું . આમ અત્યાર સુધી જિલ્લામાં સ્વાઈન ફ્લૂથી ૧૫ લોકોના મોત થયા છે.

હૈદરાબાદની કંપનીએ ખેડૂતોને કરોડોનો ચૂનો ચોપડયો હોવાની રાવ

સંજય જોષી

પાલનપુર ખાતે ખેડૂતોએ કલેક્ટર ને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી

પાલનપુર

હૈદરાબાદની કંપનીએ ખેડૂતોને કરોડો નો ચૂનો લગાવ્યો છે. ઉત્તર ગુજરાતના ખેડૂતો પાસેથી બિયારણ ખરીદી કરોડો રૂપિયા ન ચૂકવતા બનાસકાંઠાના ખેડૂતો કલેકટર કચેરી એ દોડી ગયા હતા. જ્યાં તેઓએ ન્યાયની ગુહાર લગાવી હતી. ખેડૂતોએ કંપની સામે કાર્યવાહી કરી પૈસા અપાવવાની માંગ કરી હતી. વર્ષ ૨૦૧૩-૧૪ મા બનાસકાંઠાના ૩૦૦ જેટલા ખેડૂતો પાસેથી બિયારણ ખરીદનારી હૈદરાબાદ ની એગ્રોટેક કંપનીએ ખેડૂતોને કરોડોનો ચૂનો લગાવ્યો છે. આ પ્રાઈવેટ કંપની એ ૪ વર્ષ અગાઉ બનાસકાંઠા સહિત

અનુસંધાન પાના નં.૬

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
● માથાનો દુ:ખાવો ● ખેંચ-વાઈ ● લકવો-પક્ષાઘાત ● મગજનો ટીબી ● ચક્કર ● ગરદન અને કમરના મણકાની તકલીફો ● યાદશક્તિ ઓછી થવી ● હાથપગની ધ્રુજારી ● નસોની નબળાઈ ● હાથપગમાં ઝણઝણાટી ● સાયેટીકા
ડૉ. વિશાલ જોગી (D.M.Neurology ન્યુરોફીઝીશીયન) મો.૯૮૨૩૮૯૫૫૭૭
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોક્ટર
દર મહિનાના બીજા અને ચોથા બુધવારે મળશે
પાટણ જનતા હોસ્પિટલ
સરદાર રોડ, પદ્મેલા રેલ્વે નાળા પાસે, પાટણ-૩૮૨૩૯૫ ફોન. ૦૨૭૬૬-૨૩૪૨૦૦, ૨૩૦૪૦૧
સમય : સવારે ૧૦-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક સુધી
દર શુક્રવારે મળશે
ડીસા-રાજસ્થાન હોસ્પિટલ
ડૉ. કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરી સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા ફોન. ૦૨૭૪૪-૨૨૫૨૨૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

જાહેર નોટીસ

ધી બનાસકાંઠા ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી (પાંચ વર્ષ માટે) કારોબારી સભ્યોની ચુંટણી તા. ૧૭-૯-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. ચુંટણી અંગેનો વિગતે કાર્યક્રમ ચેમ્બરના નવિન કાર્યાલય ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેની તમામ સભાસદોએ નોંધ લેવી.

તા. ૩૦-૮-૨૦૧૭
સ્થળ : પાલનપુર

આર.એમ. મોઠ (એડવોકેટ)
ચુંટણી અધિકારી
ધી બ.કાં. ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રી

સરનામું : શિલ્પ આર્કેડ, બીજા માળે, બિહારી બાગની સામે,
આબુ હાઈવે, પાલનપુર. ફોન : ૦૨૭૪૨-૨૪૬૫૧૬

ચાલો મજાદર... ચાલો મજાદર...

શ્રી બાબા રામદેવપીરના લોક મેળામાં

જાહેર આમંત્રણ

આથી ધર્મપ્રેમી જનતાને જણાવતાં આનંદ થાય છે કે, પરંપરાગત મજાદર (તાલુકો-વડગામ) મુકામે તા. ૧-૯-૨૦૧૭ ને શુક્રવાર ભાદરવી સુદ ૧૦ (દશમ) અને તા. ૨-૯-૨૦૧૭ ને શનિવાર ભાદરવી સુદ ૧૧ (અગીયારસ) ના રોજ શ્રી બાબા રામદેવપીરનો ભવ્ય લોક મેળો ભરાશે જેમાં આપ સર્વ ધર્મપ્રેમી જનતાને પધારવા ભાવભીનું આમંત્રણ છે.

સરપંચશ્રી : ઉપસરપંચ :
સુણસરા દીનમહંમદ અબ્દુલકરીમ ● કડીવાલ રીઝવાન ઈબ્રાહીમ
તલાટી કમમંત્રી : રમેશભાઈ ડી. ચૌધરી ● તમામ કમિટી સભ્યો
મજાદર ગ્રામ પંચાયત કચેરી

શ્રધ્ધાંજલિ

સ્વ.કપુરજી સમરતાજી નેણ જાટ (ચાવરપુરા)
સ્વ.તા.૨૫-૦૮-૨૦૧૭

સુખને છલકાવ્યું નહિં,
દુ:ખને દેખાડ્યું નહિં,
હસતું મુખડું રાખી આકસ્મીક
લીધી વિદાય, મન હજુ માનતું નથી કે
આપ અમારી વચ્ચે નથી...
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
જાટ તેજાભાઈ શંભુજી (ચાવરપુરા)
જાટ ધરમાજી ગોમાજી (ચાવરપુરા)
પૃથ્વી કોલ્ડ સ્ટોરેજ (ચાવરપુરા)
જાટ મુકેશભાઈ ચમનાજી
તા.ડીસા, જિ.બનાસકાંઠા

બેસણું

સ્વ.ગમનભાઈ માધાભાઈ રબારી
(માજી ચેરમેનશ્રી)
સ્વ.તા.૨૮/૦૮/૨૦૧૭
મુ.કમોડી, તા.લાખણી, જિ.બ.કાં.

અમારા પરમ પૂજય પિતાશ્રી ગમનભાઈ માધાભાઈ રબારીનું દુઃખદ અવસાન તા.૨૮/૮/૨૦૧૭ ના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્ગતનું બેસણું તા.૩૦/૮/૨૦૧૭ ને બુધવારના રોજ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : મુ.કમોડી, તા.લાખણી, જિ.બ.કાં.

લિ.
રબારી મેવાભાઈ માધાભાઈ - ભાઈ
રબારી પ્રવિણભાઈ ગમનભાઈ - પુત્ર
રબારી પરબતભાઈ મેવાભાઈ - ભત્રીજા
રબારી બાબુભાઈ મેવાભાઈ - ભત્રીજા
રબારી રમેશભાઈ ગોવાભાઈ - ભત્રીજા
રબારી ઢેગાભાઈ મેવાભાઈ - ભત્રીજા
રબારી મુકેશભાઈ ગમનભાઈ - પુત્ર
રબારી નરસિંહભાઈ પરબતભાઈ - પૌત્ર
રબારી શૈલેષભાઈ બાબુભાઈ - પૌત્ર
રબારી અનીશભાઈ ઢેગાભાઈ - પૌત્ર
રબારી નિકેશભાઈ રમેશભાઈ - પૌત્ર

સૂર્યોદય - ૬.૨૩ સૂર્યાસ્ત - ૭.૫૯

તિથિદર્શન

ભાદરવા સુદ- ૯ બુધવાર ૨૦૭૩



વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા સુદ :નોમ બુધવાર નક્ષત્ર :જયેષ્ઠા રાત્રે ૧.૫૪ પછી મુળ યોગઃ વિષ્કુંભ કરણઃ બાલવ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) રાત્રે ૧.૫૪ પછી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

ત્યાજ્યં ન ધૈર્ય વિદુરે અપિ કાલે,
ધૈર્યાત્મકદાચિદ્ગતિ માપ્રુયાત્સ
યતા સમુદ્રે અપિ ચ પાતભંગે, સાંયાત્રિકો
વાંચ્છતિ તર્તુમેવ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’ નો આ શ્લોક ‘ધીરજ’ નું મહત્વ સમજાવે છેઃ- ‘માણસ નિરાધાર અવસ્થામાં આવી પડે ત્યારે એવા સમયમાં પણ ધીરજ ન ગુમાવવી જોઈએ પણ સ્વસ્થતાપૂર્વક, શાંતિથી વિચાર કરી નિર્ણય લેવો જોઈએ. ધીરજપૂર્વક વિચારવાથી ક્યારેક સારી પરિસ્થિતિને પ્રાપ્ત થઈ જવાય છે. અર્થાત્ સારો ઉકેલ પ્રાપ્ત થઈ જતો હોય છે.’ અહીં દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે જેમ સમુદ્રમાં નાવ- જહાજ તૂટી જાય ત્યારે માણસો કંઈ ડૂબી જતા નથી. પરંતુ ગમે તેમ કરીને પ્રાણ બચાવવા પ્રયત્ન કરે છે, તરી જવાના પ્રયાસ કરે છે. ધીરજથી કોઈ પણ સમસ્યાનો ઉકેલ પામી શકાય છે. ધરતીકંપ- વાવાઝોડાં- સુનામી જેવાં પ્રાકૃતિક તાંડવ સામે માણસ સાવ વામણો અને નિરાધાર થઈ જાય છે. છતાં તે ધીરજ ન ગુમાવે તો ફરી ઉભો થઈ જાય, અમેરિકાનો બ્લાસ્ટ, જાપાનમાં સુનામી, કચ્છનો ધરતીકંપ આવી અનેક પ્રાકૃતિક આફતો સમયે લોકોએ સહન તો ઘણું કર્યું પણ ધીરજપૂર્વક લડત આપી આજે એ જ નવા જોમ સાથે પ્રકૃતિ સામે છાતી કાઢી ઊભો જ છે ને!

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)આકસ્મીક ધન લાભ થાય. દિવસ આનંદમય વ્યતિત થાય.

વૃષભ : (બ.વ.ઉ.)લાભની તક સાંપડે. નવિન કાર્યોમાં સફળતા મળે.

મિથુન : (ક.છ.ઘ.)માનસિક અશાંતિ અનુભવાય. મનની મુરાદ બર ન આવે.

કર્ક : (ડ.હ.) માનસિક આનંદ અનુભવાય. સ્નેહિજનોની મુલાકાત સફળ બને.

સિંહ : (મ.ટ.) મનમાં ચંચળતા રહે. આર્થિક લાભની તક સાંપડે.

કન્યા : (પ.ઠ.ણ.) વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન સંબંધિત કાર્યમાં સફળતા મળે.

તુલા : (ર.ત.) નવિન પ્રગતિની તક સાંપડે. મનમાં પ્રફુલિતતા રહે.

વૃશ્ચિક :(ન.ય.)આરોગ્ય બાબતે સંભાળવું. પ્રવાસ-પર્યટનમાં લાભ.

ધન : (ભ.ફ.ધ.) અગત્યના કાર્યો વિલંબમાં પડે. કાર્યબોજમાં વધારો થાય.

મકર : (ખ.જ.) અકારણ ગુસ્સો રહે. આર્થિક સમસ્યા તીવ્ર બને.

કુંભ : (ગ.શ.સ.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. જીવનસાથીથી સ્નેહ રહે.

મીન : (દ.ચ.જ.થ.) આર્થિક સમસ્યા હળવી બને. શેર-સટ્ટાથી લાભ થાય.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

મુંબઈના નુર અને હીંદના બુધ્ધિધનોના એક એકમ સમા શ્રી લખમીદાસ રવજી તેરસીની પુણ્યતિથિ છે. એમનો જન્મ ૨૩-૧૦-૧૮૭૬ ના રોજ થયો હતો. મુંબઈની પ્રાંતિક કોંગ્રેસ કમિટિના તેઓ સંસ્થાપક, સભાસદ હતા. સ્વભાવે તેઓ સાહસિક હતા એમની ન્યાયવૃતિ પર એતબાર રાખીને જ શ્રી ડાંગે રોય વગેરે એમની સલાહ લેવા દોડી આવતા. આ મહામાનવનું ૩૦-૮-૧૯૩૯ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

॥ [illegible] ॥
ISO 9001:2008 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
નિમિષ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

r™Vxe Vâ[h 9860 ...kELx Mxk„ ,...kx....!!!

તા ૨૯.૦૮.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૭૯૨) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૮૪૭ પોઈન્ટના પ્રથમ અને ૯૮૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૭૬૦ પોઈન્ટ થી ૯૭૪૭ પોઈન્ટ, ૯૭૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૮૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

ŒS ,Ë¼ ¾heËðk÷kÞf Mxkf æÞk™ ÷Ey Œk ...

૧) ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૪૩) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૨૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૦૯ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૬૭ થી રૂ.૧૬૭૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૮૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૧૫૩૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૧૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૫૩ થી રૂ.૧૫૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૧૯૮) :- રૂ.૧૧૭૩ પ્રથમ તેમજ રૂ.૧૧૬૦ ના બીજા સપોર્ટથી ટેક્ષટાઇલ સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૧૩ થી રૂ.૧૨૩૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

૪) ઇન્ફોસિસ (૯૨૭) :- ટેકનોલોજી સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૪૪ થી રૂ.૯૬૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) બાટા ઇન્ડિયા (૬૭૫) :- રૂ.૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૬૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફૂટવેર સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૮૮ થી રૂ.૬૯૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

{Ëe ,Ë¼ ð[ký÷kÞf Mxkf æÞk™ ÷Ey Œk

૧) યશ બેન્ક (૧૭૨૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૦૩ થી રૂ.૧૬૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૬૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

૨) એશિયન પેઈન્ટ્સ (૧૧૪૯) :- રૂ.૧૧૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૨૩ થી રૂ.૧૧૧૨ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૯૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

૩) લ્યુપિન લિમિટેડ (૯૮૬) :- ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૯૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૭૩ થી રૂ.૯૬૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

૪) કોટક બેન્ક (૯૬૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૮૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૪૪ થી રૂ.૯૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૯૭ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

૫) HCL ટેકનોલોજી (૮૫૨) :- રૂ.૮૬૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૮૩૭ થી રૂ.૮૧૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૮૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

ડીસામાં જલઝીલણી અગિયારસે વિશાળ શોભાયાત્રા નીકળશે

પહેલી સપ્ટેમ્બરથી અખંડ રામધૂન આરંભાશે

વિનોદ બાંડીવાલા

ડીસા

ડીસા શહેરમાં ભાદરવા સુદ-૪ થી ભાદરવા સુદ-૧૧ સુધી ગણેશજીની મૂર્તિઓની સ્થાપના કરી દરેક મહોલ્લા તેમજ શેરીઓ અને કોમન પ્લોટોમા ડી.જે.ના તાલે ગરબે ઘુમે છે.ડીસાના મહંત શ્રી રામદાસજીના માર્ગદર્શન હેઠળ રામજી મંદિરમાં અખંડ રામધુનનો ભાદરવા સુદ-૧૦ ને તા.૧/૦૯/૨૦૧૭ ના રોજ સવારે ૮ વાગેથી પ્રારંભ થશે અને આ અખંડ રામધૂન ભાદરવા સુદ-૧૧ ને તા.૨/૦૯/૨૦૧૭ ના રોજ સવારે ૯:૩૦ કલાકે યજ્ઞ શરૂઆત તથા રામધૂન પૂર્ણાહૂતિ બપોરે ૧:૩૦ કલાકે થશે.અને એજ દિવસ બપોરે ૩ વાગે ભગવાનની ત્રણ પાલખી સાથે જલયાત્રા નીકળશે.આ જલયાત્રા પાછળના રામજી મંદિરથી નીકળી રીસાલા મંદિર, સુભાષચોક પોલીસ સ્ટેશનથી લેખરાજ ચાર રસ્તા, ગુજરાતી મોચીવાસ, જુની જેલ, સદરબજાર, મારવાડી મોચીવાસ અંબાજી મંદિર, વાડીરોડ થઈને બનાસનદીમાં ભગવાનને પાણીથી સ્નાન કરાવી પરત લેખરાજ ચાર રસ્તા સરસ્વતી હોટલ, શિવાજી હોટલ પાસે થઈને પરત રામજી મંદિરે રાત્રે ૯ વાગે પહોંચશે. ડીસા ખાતે મોટામાં મોટી ભગવાનની જલઝીલણી એકાદશીની ભવ્ય શોભાયાત્રા તેમજ ગણેશજીનું વિસર્જનનો વરઘોડો નીકળતો હોઈ ડીસા તેમજ આજુબાજુની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં દર્શનનો લાભ લે છે.અને પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવે છે.

મરચામાં ગણપતિની પ્રતિકૃતિનાં દર્શન



દેશભરમાં ઉત્સાહ ઉમંગભેર ગણેશોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે શાકભાજી, શ્રી ફળ અને ફળફળાદીમાં જ્યારે ગણપતિની પ્રતિકૃતિના દર્શન થાય છે જેને લોકો શ્રધ્ધા ભક્તિથી વંદન કરે છે. મરચાના એક નાનકડા ડોડામાં આબેહુબ ગણપતિ-ગજાનંદનો આકાર ઉભરી આવ્યો હતો જે કેમેરામાં કેદ થયો હતો.

- યશપાલસિંહ ટી.વાઘેલા

સાયન્સ કોમર્સ કોલેજ પાલનપુરના વિદ્યાર્થીઓ બનાસ ડેરીની શૈક્ષણિક મુલાકાતે

પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ બી.કોમ. સેમ-૫ ના ‘સી’ ડિવીઝનના આશરે ૬૦ વિદ્યાર્થીઓએ બનાસ ડેરીની મુલાકાત લીધી હતી. ડેરીના પ્રતિનિધિ મોતીભાઈ ચૌધરી અને નિકિતાબેન હાજર રહી સમગ્ર ડેરીની માહિતી આપેલ હતી. ગલબાભાઈ નાનજીભાઈ પટેલે આ ડેરીની શરૂઆત ૧ કેન દૂધથી કરેલ અને આજે આ ડેરી સમગ્ર એશિયામાં નંબર વન ડેરી બનેલ છે, તેમ જણાવેલ. તેઓએ ડેરીની સમગ્ર પ્રોડક્ટ કેવી રીતે બનાવે છે તેની જ્ઞાનસભર માહિતી આપેલ. વિશેષ કરીને આઈસ્ક્રીમ અને ઘી અંગેની માહિતી જ્ઞાનમાં વધારો કરતી હતી. વિદ્યાર્થીઓને એ જાણીને આશ્ચર્ય થયું કે દૂધ ૬ મહિના સુધી બગડતું નથી અને સમગ્ર બનાસ ડેરીમાંથી કોઈ જ વેસ્ટ કચરા તરીકે બહાર ફેંકતા નથી. કચરામાંથી નફો કેવી રીતે મેળવી શકાય તેની માહિતી પણ આપવામાં આવેલ. સંઘ અને સહકારની ભાવના કેવી રીતે જાળવવી તે વિદ્યાર્થીઓને શીખવા મળેલ. વિશેષ ડેરીમાં કામ કરતા કર્મચારીઓ સાથે લેબર લોની વાસ્તવિક સમજ અને અમલીકરણ જેવી બાબતોથી પણ વિદ્યાર્થીઓ માહિતગાર થયા હતા. બનાસડેરીની વિઝીટનું આયોજન કોલેજના પ્રિન્સીપાલ ડૉ.યોગેશ બી. ડબગરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક વિઝીટનું સફળ સંચાલન કોલેજના પ્રા.એસ.એન. જયસ્વાલ અને પ્રા.મીનાબેન જાદવે કર્યું હતું.

કલા મહાકુંભમાં સુગમ સંગીત સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ

પાલનપુર

કલામહાકુંભ અંતર્ગત બુધવારના રોજ પાલનપુરના કાનુભાઈ મહેતા હોલમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં પાલનપુરની રાજમણી પ્રા.શાળામાંથી દવે ઋતુ કલ્પેશભાઈ એ સુગમ સંગીતમાં જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળા પરિવાર તમજ જગાણા ગામનું ગૌરવ વધારેલ છે અને રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે.

ઊંડાઈ ગામે ગણપતિ વિસર્જન

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાનું ઊંડાઈ પંચરંગી વસ્તી ધરાવતુ ગામ છે, ત્યાંનું યુવક મંડળ ધાર્મિક, સામાજીક પ્રસંગ ખુબ સારી રીતે ઉજવીને એકતાનું પ્રતિક બન્યું છે. ઊંડાઈ ગામે દર વર્ષે ધામધુમપૂર્વક ગણેશ મહોત્સવ ઉજવવામાં આવે છે. છેલ્લા પાંચ દિવસથી ગણેશજીની આરાધના કરવામાં આવી હતી. પાંચ દિવસના ધામધૂમપૂર્વક ઉજવણી બાદ મંગળવારે ગણપતિ વિસર્જનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઊંડાઈ આશ્રમના સંત અને ગામલોકો હાજર રહ્યા હતા.

સામઢી રોડની બંને બાજુ ગાંડા બાવળોનું સામ્રાજ્ય

ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસથી મોટાવાસ તરફ જતા રોડની બંને સાઈડ ગાંડા બાવળોનું સામ્રાજ્ય છવાયું છે. તેથી આમને-સામને આવતા વાહનોને સાઈડ લેતા નાકે દમ આવી જાય છે. જેના કારણે વાહન ચાલકો સાથે મુસાફરોની હાડમારીઓ વધી પડે છે. તેમાં ઘણી વખત બસો આ રોડ ઉપર આવતી નથી. જેથી શાળાએ જતા વિદ્યાર્થી ભાઈ- બહેનોને ફરજીયાત રજા રાખવાનો વારો આવે છે. જેના કારણે તેમના અભ્યાસ ઉપર વિપરીત અસરો પડે છે. જેને ગંભીરતાથી લઈ જવાબદાર તંત્ર સત્વરે રોડ સાઈડના ગાંડા બાવળો કપાવી રોડ ખુલ્લો કરાવે તેવો જનમત પ્રવર્તે છે.

વડગામના પરખડી ગામે વાસણની કિટસનું વિતરણ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા અને જિલ્લા તલાટી મંડળના સહયોગથી વડગામના પરખડી ગામે શ્રી ગાયત્રી માતાજી મંદિરમાં મુખ્યદાતા જિ.તલાટી મંડળ પ્રમુખ કિરણભાઈ વડગામની અધ્યક્ષતામાં ગરીબ લાભાર્થીઓને “વાસણની કિટસ” નું વિતરણ કરાયું હતું.પરખડી દૂધ મંડળી ચેરમેન રમેશભાઈ વળાગાંઠે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સલાહકાર મહોતભાઈ જી.પટેલ, પ્રમુખ પુષ્કર ગોસ્વામી, છનિયાણા સેવામંડળી ડિરેક્ટર લાલજીભાઈ ચૌધરી, પરબડી સરપંચ જગદીશભાઈ જોષી, ભરોડ સરપંચ પરથીભાઈ ચૌધરી, પૂર્વ સરપંચ લક્ષ્મણભાઈ ચૌધરી, મયુરભાઈ જોષી સહિત પરખડી, શમસેરપુરા, ભરોડ ગામના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ રમેશભાઈ વળાગાંઠ, મહોતભાઈ પટેલે ઈન્ડિયન રેડક્રોસ વડગામ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી હતી.કાર્યક્રમ સફળ બનાવવા પરખડી ગ્રામ પંચાયત, પરખડી દૂધ મંડળી, ભરોડ ગ્રામ પંચાયત વગેરે સંસ્થાઓએ જેહમત ઉઠાવી હતી.

બ.કાં. ભાજપ બક્ષી મોરચાના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની નિમણૂંક

ડીસા

બનાસકાંઠા ભારતીય જનતા પાર્ટી જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, પ્રમુખ કેશાજી ચૌહાણ, જિલ્લા મહામંત્રી અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાનજી ગઢવી અને બક્ષી મોરચા જિલ્લા પ્રમુખ રમેશભાઈ નાથુજી દેલવાડીયા, મહામંત્રી નરેશભાઈ સી.ટાંક, નિલેષભાઈ મોદી બક્ષી મોરચાની જિલ્લા હોદ્દેદાર અને કારોબારી સભ્યોની વિચાર વિમર્શ કરી નિમણુંક કરેલ છે. જેમાં જિલ્લા બક્ષી મોરચાના મંત્રી પદે સવજીભાઈ કે.જેગોલા (ગામ જેગોલ, તા. દાંતીવાડા) ને નિમણુંક આપેલ છે.

કારોબારી સભ્યોમાં સુથાર કાશીરામ મફતલાલ- શેરપુરા, પ્રજાપતિ ગણેશભાઈ કાનાજી ધોબ્રા, પટેલ નાનજીભાઈ ખેંગારજી- આગથળા, નાઈ ભરતભાઈ જોરાભાઈ- વકવાડા, અદાવત વાસ્તાજી હમીરજી - નાના રસાણા, ઠાકોર મથુરજી મેવાજી -કાંટ, બારોટ ગોદડભાઈ કેવળભાઈ- રાજપુર, આલ પ્રહલાદભાઈ - ધાનેરા, પટેલ દલરામભાઈ રતનશીભાઈ -

અનુસંધાન પાના નં.૬

ભીલડીમાં અંબાજી પગપાળા યાત્રીકો માટે સેવા કેમ્પ શરૂ

પ્રતિ. ભીલડી વડાવળ

ભીલડીમાં જૈન દેરાસરની સામે શ્રીમતી શારદાબેન નાનુભાઈ મોદી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંબાજી પગપાળા યાત્રીકો માટેના સેવા કેમ્પનું ઉદઘાટન ગતરોજ રાજ્યના મંત્રી અને દિયોદર વિધાનસભાના ધારાસભ્ય કેશાજી ચૌહાણના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ગામના અગ્રણી, ડોક્ટરો, રોટરીના સભ્યો તેમજ ગ્રામજનોએ હાજરી આપી હતી.આ સેવાકેમ્પમાં પદયાત્રીકો માટે આ ગોઠીયા તથા જમવા માટે લાડુ શાકપુરી દાળભાત તથા ન્હાવા ધોવા માટેની સગવડ સહિત આરામ કરવા માટે અધતન સેવા પુરી પાડવામાં આવી રહી છે. આ સેવા કેમ્પમાં ભીલડી રોટરી કોમ્યુનિટી કેટ દ્વારા પદયાત્રીકો માટે વિના મુલ્યે

કંચનજી ઠાકોર, નરસિંહ દેસાઈ
નાનુભાઈ મોદી
આયોજીત
પદયાત્રીઓના સેવાર્થે સેવાકેમ્પ

દવા કેમ્પનો પણ સહયોગ આપવામાં આવી રહ્યો છે.આ પ્રસંગે આ સેવા કેમ્પ ભીલડી ગામના સરપંચ મહેશભાઈ મોદી, બાબુભાઈ તાલેગંજ(ડિરેક્ટર બનાસબેંક પાલનપુર) રઘુભાઈ રાજગોર, ડો.કે.કે.પટેલ, બાબુભાઈ નાની ઘરનાળ સહિત મોટી સંખ્યામાં શુભેચ્છકોએ હાજરી આપી હતી.

ભાભરના ફોટોગ્રાફરોનું ગાંધીનગરમાં સન્માન

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ગાંધીનગર ખાતે તાજેતરમાં ઈન્ટરનેશલ ફોટો ફેરનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ભાભરના સ્ટુડીયોના ફોટો ગ્રાફરોએ ભાગ લીધો હતો.ભાભરના ભારમલભાઈ માળી અને સુંદરભાઈ પરમાર(કપરૂપુર) ની આગેવાની હેઠળ કાર્યક્રમમાં જોડાયા હતા. તેમની કામગીરીની કદર કરીને સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમમાં દેશભરમાંથી મોટી સંખ્યામાં ફોટો ગ્રાફરો જોડાયા હતા.

સરકારી વિનયન કોલેજ અમીરગઢનો ખેલ મહાકુંભ ૨૦૧૭ માં તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ

તા.પ્રતિનિધિ અમીરગઢ

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ- મહાકુંભ ૨૦૧૭ ની તાલુકા કક્ષાએ યોજાયેલ વિવિધ રમતોની સ્પર્ધામાં સરકારી વિનયન કોલેજ, અમીરગઢના ૫૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ જુદી જુદી રમતોમાં ભાગ લીધો હતો. જેમાં કબડ્ડી અને વોલીબોલની ભાઈઓની ટીમ ચેમ્પિયન બની હતી. તેમજ એથ્લેટિક્સની વિવિધ ઈવેન્ટમાં ૩૦૦૦ મી. દોડ ભાઈઓમાં કોલા ખેંગારામ પ્રથમ, ૧૦૦ મી. દોડ બહેનોમાં ડાભી તેજબા પ્રથમ, ચક્રફેંક અને બરછીફેંક બહેનોમાં ચૌહાણ હેદુબા પ્રથમ અને ગોળાફેંક ભાઈઓની ઈવેન્ટમાં ડાભી ઉપેન્દ્રસિંહએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી કોલજનું ગૌરવ વધાર્યું હતું. આ તમામ વિજેતા ખેલાડીઓ જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરે તેવી કોલેજના આચાર્યએ નરેશભાઈ આર. ચૌધરી તથા સમગ્ર કોલેજ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

નવસારીના રાશી ગણેશ મંડળ દ્વારા શ્રીજીની મૂર્તિની સ્થાપના

દક્ષિણ ગુજરાતની સંસ્કારી નગરી નવસારીની રાશી ગણેશ મંડળ દ્વારા ગણેશ ચતુર્થીના દિવસે ભગવાન શ્રીજીની ગણેશ મંડળ દ્વારા ગણેશ ચતુર્થીના દિવસે ભગવાન શ્રીજીની મૂર્તિની સ્થાપના કરી હતી. રાશી રેસીડેન્સીના તમામ પરિવારો દ્વારા ભગવાનની પૂજા અર્ચના કરી મહાઆરતી ઉતારી હતી. પારસી હોસ્પિટલની સામે નગરપાલિકા ગાર્ડનથી આગળ રાશી રેસીડેન્સી બિલ્ડીંગ પર આવેલ છે. જેના પરિવારો દ્વારા ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

ધાનેરામાં દાદા લાધુરામજી મહારાજનો ઉત્સવ અને ગણેશ ચતુર્થીની ઉજવણી

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે મહેશ્વરી સમાજ દ્વારા દાદા લાધુરામજી મહારાજનો ઉત્સવ તથા ગણેશચતુર્થી મહોત્સવ નિમિત્તે શોભાયાત્રા કાઢી, ભજનસંધ્યા, પ્રભાતફેરી, ગણેશપૂજન, આરતી, પ્રસાદી ભગત મિલન વગેરે ધાર્મિક કાર્યક્રમો ધામધુમપૂર્વક યોજાયા હતા.

વડગામની જલોત્રા દૂધ મંડળી દ્વારા ઉકાળાનું વિતરણ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

‘સ્વાઈન ફ્લુ’ રોગ સામે રક્ષણ મેળવવા ગામડાની સ્વૈચ્છિક સંસ્થાઓએ જાગૃતતા બતાવી ઉકાળા વિતરણના કાર્યક્રમો શરૂ કર્યા છે.દરમ્યાન વડગામના જલોત્રા દૂધ મંડળીના ચેરમેન દિનેશભાઈ વી.ભટોળ દ્વારા ડેરી સંકુલમાં સ્વાઈન ફ્લૂના ઉકાળાનું વિતરણ કર્યું હતુ.જેમાં તમામ ગ્રામજનો, ખેડૂતો જોડાયા હતા.

અંબાજી ભાદરવી પૂનમ મહા મેળામાં જતા પદયાત્રીકો માટે બનાસ ડેરી દ્વારા સેવા કેમ્પનો શુભારંભ

પાલનપુર

બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ.ગલબાભાઈ નાનજીભાઈ પટેલના નામે બનાસ ડેરી દ્વારા સેવાકીય પ્રવૃત્તિ થાય તેવા શુભાશયથી બનાસ ડેરીના માનનીય ચેરમેન અને રાજય સરકારના આરોગ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનથી સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. આ ટ્રસ્ટ દ્વારા અંબાજી મહામેળામાં પગપાળા જતા પદયાત્રીકો માટે બનાસ ડેરીના દાંતા શીતકેન્દ્ર ખાતે સેવા કેમ્પનો આજથી શુભારંભ બનાસ ડેરી ના વાઈસ ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈના વરદ્ હસ્તે કરવામાં આવ્યો.

પગપાળા યાત્રિકો માટે ચા, કોફી, પાણી અને નાસ્તા માટે બટાટા પૌંવા અને સ્વાઈનફલુના રોગ સામે રક્ષણ મળે તે હેતુથી અમૃત પેય(આયુર્વેદ ઉકાળો)ની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ યાત્રિકોને આરામ કરવા માટે શીત કેન્દ્રનું ભવન આજે ખુલ્લું મુકવામાં આવ્યું. આ પ્રસંગે ડેરીના વાઈસ ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈએ કહ્યું કે બનાસ ડેરીના માનનીય ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી ખૂબજ ઝડપથી પ્રગતી કરી રહી છે. ગયા વર્ષે ચેરમનેશ્રીએ અંબાજી જતા પગપાળા યાત્રિકો માટે સેવા કેમ્પ કરવા માટે વિચાર કર્યો અને તેનો અમલ પણ તાત્કાલિક ધોરણે કર્યો હતો જેમાં ગયા વર્ષે આસરે પાંચ લાખ પદયાત્રીઓએ સેવા કેમ્પમાં લાભ લીધો હતો. બનાસ ડેરી દૂધના ક્ષેત્રે સર્વોત્તમ છે તેમ લોકસેવા કરવા માટે પણ તત્પર રહે છે. કુદરતી આફતોના સંજોગોમાં પણ બનાસ ડેરી જનસેવાની સાથે સાથે પશુઓની સેવા કરવા માટે ખડેપગે રહે છે.

અનુસંધાન પાના નં.૬

લાખણી તાલુકામાં ગાજવીજ સાથે ભારે વરસાદ

દેવજી રાજપૂત

માંડ ઓસરેલા વરસાદી પાણી પુનઃ ભરાઈ ગયા

પ્રતિનિધિ લાખણી

હવામાન વિભાગની આગાહી વચ્ચે લાખણી તાલુકામાં ગઈકાલે બપોરના સુમારે આકાશમાં કાળા ભમ્મર વાદળાં ગોરંભાયા હતા અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.તેથી સર્વત્ર પાણી-પાણી થઈ ગયું હતું.ભારે વરસાદી ઝાપટાના કારણે ઠેર ઠેર માંડ ઓસરેલા વરસાદી પાણી પાછા ભરાઈ ગયા હતા.તેથી રહીશોની હાડમારીઓ વધી પડી હતી.

તાલુકામાં આમેય સતત વરસાદી માહોલથી માખી-મચ્છરોનો ઉપદ્રવ વધી પડતા વાયરસજન્ય બિમારીઓ વધી પડી છે ત્યાં ફરી વરસાદી પાણી ભરાતા ખાસ કરીને વૃધ્ધો અને બિમારોની હાલત કફોડી બની જવા પામી છે.જો કે ભારે વરસાદી ઝાપટાથી વાતાવરણ ઠંડુગાર બની ગયું હતું.તેથી બફારાથી ત્રસ્ત આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો હતો.

થરા જૈન દાદાવાડી ખાતે દિવ્યાંગજનોને વિનામુલ્યે સાધન વિતરણ કરાયા

દાતાઓ આયોજકોને દિવ્યાંગોએ આશિર્વાદની હેલી વરસાવી

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લામાં તા. ૨૪/૭/૨૦૧૭ ના નદી પટ વિસ્તારના કાંકરેજ - ધાનેરા તાલુકાના કેટલાક ભાગમાં પૂરના પાણીએ ભારે તારાજી સર્જી હતી. જેમાં રાધનપુર- હારીજ - ડીસા વિસ્તારના પૂરગ્રસ્ત એવા ૧૨૭ જેટલા ગામડાઓમાં ફરીને અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ સાયલા સંચાલિત આશિર્વાદ વિકલાંગ ટ્રસ્ટ સાયલા દ્વારા દાતાઓના સહયોગથી દિવ્યાંગોને ટ્રાયસીકલ, વ્હીલચેર, ઘોડી, કૃત્રિમ પગ, કેલીપર્સ, ફોરપેડ સ્ટીક, વોકટ, બ્લાઈન્ડ સ્ટીક, હિયરીંગ એઈડ, શૈક્ષણિક કીટ જેવા સાધનોનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગઈકાલે કાંકરેજ તાલુકાના થરા નગરમાં જૈન દાદાવાડી ખાતે પ.પૂ.ભાઈ નલીનભાઈ કોઠારીના અધ્યક્ષ સ્થાને દિવયાંગોને સાધન વિતરણનો કાર્યક્રમ યોજાયો. જેમાં નંદીનીબેન રાવલ એક્યુ. ડાયરેક્ટર અંધજન મંડળ, આર.એસ. જાદવ, ડાયરેક્ટર- આશિર્વાદ વિકલાંગ ટ્રસ્ટ, વિરલભાઈ પટેલ (વાઘબકરી ચા), જીતુભાઈ ધાણધારા, શાંતિલાલ શાહ, કમલેશભાઈ શાહ, બિપીનભાઈ શાહ અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પટેલ ઉપસ્થિત રહી આ સેવાકીય કાર્યને પ્રોત્સાહિત કરેલ.

બનાસકાંઠા જિલ્લામાં છુટાછવાયા વરસાદી ઝાપટાં

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે છુટાછવાયા ભારે વરસાદી ઝાપટાં પડવાનો દૌર યથાવત જળવાઈ રહ્યો છે. ગઈકાલે પણ પાલનપુર, ડીસા અને દાંતીવાડા તાલુકામાં અડધો ઈંચ વરસાદ ખાબક્યો હતો. જો કે જિલ્લામાં પ્રથમ રાઉન્ડમાં ગત જુલાઈ મહિનામા અતિ ભારે વરસાદ પડ્યો હતો. એ પછી પણ છુટાછવાયા વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. તેમ છતાં વાતાવરણમાંથી બફારો અને ઉકળાટનું પ્રમાણ ઓછુ થતું નથી. તેથી હવામાન વિભાગની આગાહી મુજબ હજુ ભાદરવો ભરપુર વરસે તેવી શક્યતા નકારી શકાતી નથી. હાલમાં તો જિલ્લામાં ઘટાટોપ વાદળો વચ્ચે વરસાદી માહોલ જળવાયેલો રહ્યો છે.

નરસિંહ દેસાઈ

સમગ્ર ગુજરાત રાજ્ય પર વરસાદી સિસ્ટમ સક્રિય થતાં મધ્યમથી ભારે વરસાદ થઈ રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ અનેક સ્થળો પર વરસાદ થયાના અહેવાલો મળી રહ્યા છે. ડીસા પંથકમાં સતત ત્રીજા દિવસે પવનની સાથે વરસાદ થવા પામ્યો છે. સોમવારના દિવસે ગાજવીજ સાથે વરસાદ થયો હતો અને ગતરોજ મંગળવારના દિવસે પણ બપોરના સમયે આકાશમાં ચડી આવેલા કાળા ડિબાંગ વાદળોના વચ્ચે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. વહેલી સવારથી ભારે ગરમી અને ઉકળાટ જોવા મળી રહ્યો હતો. જેથી પ્રજાજનો વરસાદ આવશે તેની ખાતરી હતી તેવા સમયે આવતા લોકોને ઘડીભર ગરમી અને ઉકળાટથી રાહત મેળવી હતી. પરંતુ બાદમાં ઉઘાઠ નિકળતાં લોકોને ગરમીની ત્રસ્ત બનવુ પડ્યુ હતું. વરસાદ બાદ પણ બફારો અને ઉકળાટ વર્તાયો હતો.

ભારે વરસાદની આગાહીને લઈ તંત્ર એલર્ટ

જીલ્લા કલેકટર દ્વારા ભારે વરસાદની આગાહીના પગલે સમગ્ર વહીવટી તંત્રને એલર્ટ કરી દીધું છે. તેમજ સાવચેતીના ભાગરૂપે દાંતીવાડા, સીપુ, અને મોકેશ્વર ડેમમાંથી પાણી છોડવામાં આવશે.

વરસાદના આંકડા

તાલુકાનું નામ	ગતરોજ સવારના ૬:૦૦ વાગ્યા સુધી નોંધાયેલ વરસાદ	કુલ
અમીરગઢ	૭	૧૩૫૬
ભાભર	૦	૯૧૮
દાંતા	૦	૧૧૬૯
દાંતીવાડા	૧૩	૧૫૬૪
ધાનેરા	૦	૧૦૪૭
દિયોદર	૨	૧૨૪૭
ડીસા	૧૬	૧૧૯૩
કાંકરેજ	૩	૭૧૯
પાલનપુર	૧૭	૧૪૨૧
થરાદ	૦	૭૮૦
વાવ	૦	૬૪૦
વડગામ	૨	૧૨૬૮
લાખણી	૨	૧૦૭૦
સુઈગામ	૦	૮૧૫

બનાસકાંઠાના પૂર અસરગ્રસ્તોને જરૂરી સહાય પુરી પાડવામાં સરકાર નિષ્ફળ : ગોવાભાઈ દેસાઈ

ખેડુતોનું એક વર્ષનું વિજળીબિલ માફ કરવા તથા અસરગ્રસ્તોને જરૂરી સહાય આપવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

ડીસા

તાજેતરમાં બનાસકાંઠામાં આવેલ ભારે વરસાદ અને પૂરના કારણે અસર પામેલ અસરગ્રસ્તોને જરૂરી સહાય પુરી પાડવામાં ગુજરાત સરકાર સદંતર નિષ્ફળ રહી છે. તેમ જણાવી ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ ૨૦ મુદ્દા સાથે અસરગ્રસ્તોને સહાય કરવા સબળ રજુઆત કરી છે.

તેઓએ જણાવ્યુ છે કે તાજેતરમાં ઉત્તર ગુજરાતમાં અતિભારે અતિવૃષ્ટિ થયેલ. જેના કારણે વિસ્તારના ખેડુતોને અને પ્રજાને ન કલ્પી શકાય તેટલું ભારે નુકસાન થયેલું છે. ખેડુતોના પાક સંપૂર્ણ નાશ પામેલ છે અને જમીનોનું મોટાપાયે ધોવાણ થયેલ છે. હજુ આજે પણ કેટલાય વિસ્તારોમાં પાણી ભરાયેલ હોવાને કારણે સંપર્કવિહોણા રહ્યા છે. સરકારે અસરગ્રસ્ત વિસ્તારના ખેડુતોને તાત્કાલિક સહાય ચુકવી જોઈતી હતી. પરંતુ આટઆટલા દિવસો વીત્યા છતાં અસરગ્રસ્ત વિસ્તારના ખેડુતોને પાકના નુકશાન પેટે કે જમીનોના થયેલ ધોવાણ બાદ જમીનોને નવસાધ્ય કરવા માટે એકપણ રૂપિયાની સહાય ચુકવવામાં આવી નથી.

આથી જે ખેડુતોની ખેતીની જમીનમાં ધોવાણ થયું છે. તેમાં કોઈ મર્યાદા વગર જેટલી જમીનમાં ધોવાણ થયું હોય તેટલી જમીનને નવસાધ્ય કરવા માટે નુકશાની વળતર પૂરેપૂરું તાત્કાલિક ચુકવવું. ખેડુતોનો પાક સંપૂર્ણ નાશ પામેલ છે. આ સંજોગોમાં ખેડુતોને પાક નુકસાનીના પૂરેપૂરા પૈસા ચુકવવા.

અનેક લોકોને સંપૂર્ણ અમાનવીય રીતે કેશડોલ્સથી વંચિત રાખવામાં આવ્યા છે, તેમનો પુનઃ સર્વે કરી કેશડોલ્સની રકમ ચુકવવામાં આવે. જેમના મકાનોમાં તિરાડો પડી છે, દિવાલોને નુકસાન થયા છે, તેમનો સર્વે નથી કરવામાં આવ્યો, આવા મકાનોનો પુનઃ સર્વે થાય અને મકાન નુકસાનીની પુરી સહાય ચુકવવામાં આવે.

અનુસંધાન પાના નં.૬

ઢેઢાલ ગામની સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતા ચકચાર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના ઢેઢાલ ગામની એક સગીરાને ઠાકોર પોપટજી વરસંગજી રે. રામવાસ, તા. ડીસાવાળા ગત તા. ૨૫/૮/૧૭ ને રાત્રે લલચાવી ફોસલાવી તેના ઘરેથી ઉપાડી જઈ લગ્નની લાલચ આપી તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. જે અંગે ફરિયાદી સગીરાએ ભીલડી પોલીસ સ્ટેશન આવી આરોપી ઠાકોર પોપટજી વરસંગજી રે.રામવાસવાળા વિરૂધ્ધ ફરિયાદ આપતા પોલીસે ફરિયાદ નોંધી તેની તપાસ શિહોરી સર્કલ ઈન્સપેક્ટર એચ.એન. રાઠોડ ચલાવી રહ્યા છે.

ડીસા ખાતે કેન્દ્રીય મંત્રીના અધ્યક્ષસ્થાને સંકલ્પથી સિધ્ધિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર

બનાસકાંઠા જીલ્લારના ડીસા મુકામે કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યશમ ઉધોગ રાજયમંત્રી હરીભાઇ ચૌધરીના અધ્યક્ષસ્થાને સંકલ્પથી સિધ્ધિ કાર્યક્રમ યોજાયો હતો. ડીસા દિપક હોટેલથી ત્રિરંગા યાત્રાને કેન્દ્રીય મંત્રીના હસ્તે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતુ. ડીસા શહેરમાં ત્રણ કિ.મી. પરિભ્રમણ કરીને ડીસા આર્ટસ એન્ડર કોમર્સ કોલેજ ખાતે ત્રિરંગા યાત્રા સભા સ્વેરૂપે ફેરવાઇ હતી. કેન્દ્રીય મંત્રી હરીભાઇ ચૌધરી હાથમાં તિરંગા સાથે બાઇક ઉપર સવાર થઇને ત્રિરંગા યાત્રામાં જોડાયા હતા. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે સ્વહતંત્રતા સંગ્રામમાં કેટલાય વીર શહીદોએ પોતાના પ્રાણના બલીદાન આપીને આપણને મહામુલી આઝાદી અપાવી છે. તેનું કાળજી પૂર્વક જતન કરીએ. મંત્રીએ કહ્યું કે પૂજય મહાત્મા ગાંધીજી તથા અનેક વીર સપુતોએ આઝાદી અપાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. મહારાષ્ટ્ર સપુતોના જીવનમાંથી પ્રેરણા લઇ રાષ્ટ્રવ માટે સમર્પિત ભાવના કેળવી દેશને શિક્ષીત, સમૃધ્ધુ અને શકિતશાળી બનાવવા તેમણે પ્રજાને આહવાન કર્યુ હતું.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પૂજય મહાત્મા ગાંધીજીએ તા.૯મી ઓગષ્ટ -૧૯૪૨માં હિન્દ છોડો ચળવળની શરૂઆત કરાવી અંગ્રેજો ભારત છોડે તેવો સંકલ્પ લીધો હતો. તેને અત્યારે ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે તેની ઉજવણીના ભાગરૂપે અને દેશવાસીઓમાં રાષ્ટ્ર પ્રેમના ગુણો વિકસાવવા સમગ્ર દેશમાં

અનુસંધાન પાના નં.૬

થરાદ ડેપોમાં બસમાં ચડી રહેલા શિક્ષકના મોબાઇલની ચોરી

પ્રતિનિધિ થરાદ

ગાંધીનગરમાં શિક્ષકની નોકરી કરતા નિર્માણકુમાર દિનેશચંદ્ર ત્રીવેદી સોમવારની બપોરના દોઢ વાગ્યાના સુમારે વાવ થરાદ રાણીપ બસમાં ચડી રહ્યા હતા.આ વખતે બસમાં ચડતાં તેમના પેન્ટના ખિસ્સામાંથી અજાણ્યા શખ્સે ૯૦૦૦ની કિંમતના મોબાઈલની ચોરી કરી હતી.આ બનાવથી શિક્ષકને જાણ થતાં તેમણે થરાદ પોલીસમથકમાં બનાવની જાણ કરી હતી.

લાખણીના નાંદલાનો યુવક અચાનક ગૂમ થતાં ચકચાર

પ્રતિ. વાતમ

લાખણી તાલુકાના નાંદલા ગામનો આશાસ્પદ યુવક અચાનક ગૂમ થઈ જતા ગામમાં ચકચાર મચી જવા પામી છે.

મૂળ નાંદલા ગામનો અને ડીસાની કોર્પોરેશન બેંકમાં બેંક મિત્ર તરીકે કામ કરતો અને પત્રકારત્વ સાથે સંકળાયેલા દેવાભાઈ હરજીજી સુથાર(ઉ.વ.૨૯) નામનો યુવક ગત તા.૨૭/૮/૨૦૧૭ ના રોજ સવારે ઘરેથી ડીસા જવાનું કહી નીકળી ગયો હતો.જે મોડી રાત સુધી પરત ફર્યો ન હતો.તેથી તેનું પરિવાર ચિંતામાં ગરકાવ થઈ ગયું હતું.જે બાબતે તેના મોટાભાઈ ડાયાભાઈ સુથારે બીજા દિવસે બેંક, તેની બેઠકો અને સગા-વ્હાલાઓમાં શોધખોળ કરવા છતાં તેની કોઈ ભાળ મળી ન હતી.જેથી તેમણે ગઈકાલે આગથળા પોલીસ મથકે ગૂમ થયાની ફરીયાદ નોંધાવી હતી.જો કે યુવક વ્યાજખોરોની ધમકીથી કંટાળીને ઘરેથી ગૂમ થઈ ગયો હોવાનું ગામલોકોમાં ચર્ચાસ્પદ બન્યું છે.જેના આધારે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

થરા જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા અંબાજી પદયાત્રી સેવા કેમ્પનો શુભારંભ

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ. થરા

કાંકરેજ તાલુકામાંથી પસાર થતા અંબાજીના પદ યાત્રીકોને ચા-નાસ્તો, ગરમપાણી, દવા-તબીબી સારવાર અને રહેવા-જમવાની સારી સગવડ મળે તેવા ઉદ્દેશ્યથી છેલ્લા પાંચ વર્ષથી જલારામ મંદિર, થરા આગળ પદયાત્રી સેવા કેમ્પ યોજવામાં આવે છે.ગઈકાલે જલારામ સેવા ટ્રસ્ટ થરા દ્વારા જલારામ પેટ્રોલીયમ-વડા મુખ્યદાતા મેહુલભાઈ ઠક્કરના સહયોગથી મહાકાળી મંદિરના પૂ.મમતામયી દેવીના વરદ હસ્તે પદયાત્રી સેવા કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો છે.આ પ્રસંગે પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી કિર્તીસિંહ વાઘેલા, કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ, થરા પાલીકા પ્રમુખ વિનોદજી ઠાકોર, ભાજપ અગ્રણી અચરતલાલ ઠક્કર, અરવિંદભાઈ ઠક્કર(લાટી), વડીલ કાંતિલાલ ઠક્કર, તાણાના પૂર્વ સરપંચ ગણપતલાલ ગોસ્વામી, યશપાલસિંહ વાઘેલા, ઉમેશભાઈ પ્રજાપતિ, કિશોરભાઈ પ્રજાપતિ, જલારામ મંદિરના ટ્રસ્ટી વિજયભાઈ ઠક્કર, નિરંજનભાઈ ઠક્કર,

અનુસંધાન પાના નં.૬

આજે બાબા રામદેવના ભાદરવા સુદ નોમના નેજા ચઢશે

રામદેવ મંદિરોમાં મેળાનું પણ આયોજન થશે

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

શ્રાવણ માસની પૂર્ણાહુતિ બાદ ભાદરવા સુદ એકમથી ભાદરવા સુદ નોમ સુધી બાબા રામદેવના નવરાત્રીના દિવસો ગણવામાં આવે છે. જેથી સમગ્ર જિલ્લામાં પરંપરાગત રીતે રામદેવ નવરાત્રીની ઉજવણી થાય છે અને ભાદરવા સુદ નોમના દિવસે નેજા ચઢાવવામાં આવે છે.

નવ દિવસ સુધી અલખધણી રામદેવના નોરતામાં ભક્તો તેની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરતા હોય છે એવું કહેવાય છે. બાબા રામદેવ એ વિષ્ણુ અવતાર અને દ્વારકાધીશના પ્રગટ સ્વરૂપે અવતાર ધરેલ છે. જેથી ભક્તો દ્વારા આ દિવસો દરમિયાન વિશેષ પૂજન, અર્ચન કરતા હોય છે. જિલ્લામાં આવેલા અનેક રામદેવ મંદિરોમાં ભાદરવી નોરતાનો અનોખા મહિમા હોઈ ભક્તો અને શ્રધ્ધાળુઓ દ્વારા ઉપવાસ, સાથે ઉપાસના અને નવ દિવસ સુધી ભજન- કિર્તનનું પણ આયોજન થાય છે.

જયારે નોમના છેલ્લા દિવસે વાજતે ગાજતે રામદેવપીરના નેજા ચઢાવી નવરાત્રી પૂર્ણ કરતા હોય છે. એટલે ભાદરવા સુદ નોમના દિવસે અનેક મંદિરોમાં ભવ્ય લોકમેળા પણ ભરાતા હોય છે.

અનુસંધાન પાના નં.૬

શ્રી લક્ષ્મી મહિલા સહકારી બેન્ક લિ.મહેસાણા
૩,નવદુર્ગા સોસાયટી, પ્રશાંત સિનેમા સામે,મહેસાણા

-: વાર્ષિક સાધારણ સભા ની નોટીસઃ-

આથી બેન્કના તમામ સભાસદ બહેનોને જણાવવાનું કે આપણી બેન્કની સને ૨૦૧૬-૨૦૧૭ ની ૨૦ મી વાર્ષિક સાધારણ સભા તા.૧૬-૦૯-૨૦૧૭ ને શનિવાર ના રોજ સાંજે ૪:૦૦ કલાકે નાલંદા સ્કૂલ એસ.વી.શાહ વિદ્યાવિહાર,બી.કે.સિનેમા સામે, મહેસાણા-૨ ખાતે મળશે.તો દરેક સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

નોંધ:(૧)કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તેજ દિવસે તેજ સ્થળે અડધા કલાક પછી તેજ કામકાજ માટે મળશે.
(૨)કોઈપણ સભાસદને કોઈપણ માહિતી જોઈતી હોય તો તા.૧૨-૯-૨૦૧૭ સુધીમાં લેખિત જાણ કરવી.
(૩)સાધારણ સભાનો એજન્ડા બેન્કના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

બોર્ડ ઓફ ડીરેકટર્સ ના આદેશથી
ઈસ્માઇલ આઇ.કાજી
મેનેજર

મહેસાણા
તા.૩૦-૮-૨૦૧૭

ભાભર નગરપાલિકા
ખાડીયા વિસ્તાર, ભાભર-૩૮૫૩૨૦ જિ.બનાસકાંઠા
ફોન નં.૦૨૭૩૫ ૨૨૨૧૩૩, ફેકસ : ૨૨૨૧૩૩

જાહેર નિવિદા

ભાભર ન.પા.વિસ્તારમાં ૧૫% વિવેકાધિન ગ્રાન્ટ હેઠળ નીચે મુજબના કામો માટે સરકાશ્રીની માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

ક્રમ	કામનું નામ	ટેન્ડર ફી	અંદાજીત રકમ ઇ.એમ.ડી.
૧.	વોર્ડ નં.૧ માં ૧૦૦ નંગ બાંકડા મુકવાનું કામ	૬૦૦/-	૨૧૦૦૦૦/- ૨૧૧૦/-
૨	કીતુભા ખેતજી રાઠોડની શેરીમાં સી.સી.રોડ બનાવવાનું કામ.	૬૦૦/-	૨૬૬૨૫૩/- ૨૬૬૩/-
૩	કમાલપુરમાં સંપ બનાવવાનું કામ	૬૦૦/-	૧૭૭૬૨૫/- ૧૭૭૬/-
૪	દુમાદરાવાસ સ્મશાનમાં દિવાલ બનાવવાનું કામ	૬૦૦/-	૪૦૬૩૧૧/- ૪૦૬૩/-
૫	હીરપુરા સ્મશાનમાં દિવાલ બનાવવાનું કામ	૬૦૦/-	૨૪૦૩૩૫/- ૨૪૦૩/-
૬	ઇન્દિરાનગર સ્મશાનમાં હોલનું કામ	૬૦૦/-	૨૨૦૪૧૮/- ૨૨૦૪/-
૭	ખોડીયાર માતાજીના મંદિર પાસે પીક-અપ સ્ટેન્ડ બનાવવાનું કામ.	૬૦૦/-	૩૪૬૦૪૬/- ૩૪૬૦/-
૮	જુના માર્કેટયાર્ડ થરા ત્રણ રસ્તા પાસે પીક અપ સ્ટેન્ડ બનાવવાનું કામ	૬૦૦/-	૩૪૬૦૪૬/- ૩૪૬૦/-

આ અંગેના કોરા ટેન્ડરફોર્મ ન.પા.કચેરીએથી તા.૦૭-૦૯-૨૦૧૭ સુધીમાં મેળવી તા.૧૩-૦૯-૨૦૧૭ સુધીમાં રજી.પો.એડી.થી પરત કરવા જણાવવામાં આવે છે. ટેન્ડર મંજુર/નામંજુર કરવા અંગેની તમામ સત્તા ન.પા.ને અબાધિત રહેશે.

કલ્પેશ ભટ્ટ
મુખ્ય અધિકારી

ગમભા રાઠોડ
ઉપપ્રમુખ

વૈકુંઠરામ આચાર્ય
પ્રમુખ

રાજાભાઈ ઠાકોર
ચેરમેન, બાંધકામ સમિતિ

અમરતભાઈ માળી
ચેરમેન, કારોબારી સમિતિ

ટેન્ડર નોટીસ
ધાનેરા નગરપાલિકા (જિ.બનાસકાંઠા)

ગુજરાત રાજયના જાહેર બાંધકામ વિભાગના કોન્ટ્રાકટરોની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી નીચે મુજબના કામો માટે ફકત રજીસ્ટર પોસ્ટ એડીથી સીલબંધ ટેન્ડરો તા.૧૧-૦૯-૨૦૧૭ ના રોજ ૧૬/૦૦ કલાક સુધી ધાનેરા નગરપાલિકા કચેરીએ મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે.

ટેન્ડર ફોર્મ તેમજ કામની વધુ વિગતો તા.૦૪-૦૯-૨૦૧૭ સુધીમાં ઓફીસ સમય દરમ્યાન રજીસ્ટ્રેશનની ખરી નકલ ઇન્કમટેક્ષ, કલીયરન્સ સર્ટી, તાજુ બેંકસોલવંશીના ૧૦% નર્મદા બોન્ડ અને ટેન્ડર ફી સાથે રજૂ કરવાથી આપવામાં આવશે.

અ. નં.	કામનું નામ	અંદાજીત રકમ	બાનાની રકમ	ટેન્ડર ફી	મુદત
૧.	૨.	૩.	૪.	૫.	૬.
૧.	વોર્ડ નં.૧ માં આવેલ મંગળાજી નાઈની દુકાનથી પ્રજાપતિ સોનાભાઈ માનાજીના ઘર સુધી પેવર બ્લોકનું કામ	૨,૦૩,૦૦૦/-	૨૦૩૦/-	૬૦૦/-	૩ માસ
૨.	વોર્ડ નં.૧ માં તગીબેન રઘનાથભાઈ મોચીના ઘરથી જીવરાજભાઈ જેસુગભાઈના ઘર સુધી સી.સી. રોડનું કામ	૪,૦૭,૭૦૦/-	૪૦૭૭/-	૬૦૦/-	૩ માસ
૩.	સુન્ની મુસ્લિમ જમાત સંચાલીત કબ્રસ્તાનને ફરતે કમ્પાઉન્ડ વોલનું કામ.	૧,૫૦,૦૦૦/-	૧૫૦૦/-	૬૦૦/-	૩ માસ

ઉપરોક્ત કામોની બાનાની રકમ સીડ્યુલ બેંક અથવા રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. થી જ સ્વીકારવામાં આવશે. ટેન્ડર સાથે બાનાની રકમની એફ.ડી.આર. સામેલ રાખવાની રહેશે. ટેન્ડર કવર ઉપર કામનું નામ તથા મોકલનારના નામ સરનામા સાથે ટેન્ડરો બંધ કવરમાં મોકલવાના રહેશે. આવેલ ટેન્ડરો શક્ય હશે તો તા.૧૨/૯/૨૦૧૭ ના રોજ ૧૬.૦૦ કલાકે હાજર રહેલ કોન્ટ્રાકટરોની રૂબરૂમાં ખોલવામાં આવશે. વધુ યા ઓછા ભાવનુ ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા ધાનેરા નગરપાલિકાની રહેશે. વધુ વિગતો ધાનેરા નગરપાલિકાના બાંધકામ શાખાનો સંપર્ક કરી મેળવી શકાશે.

નં.ન.પા.ધા./બાંધકામ/વશી/૨૦૧૭
નગરપાલિકા કચેરી, ધાનેરા તા.૨૯/૮/૨૦૧૭

(જીગરભાઈ પટેલ)
ઈ.ચા.મુખ્ય અધિકારી
નગરપાલિકા ધાનેરા

(બાબુલાલ એમ.સુથાર)
ચેરમેન બાંધકામ સમિતિ
નગરપાલિકા ધાનેરા

(જગદીશભાઈ પી.ઠક્કર)
ઉપપ્રમુખ
નગરપાલિકા ધાનેરા

(આશાબેન એન.પટેલ)
પ્રમુખ
નગરપાલિકા ધાનેરા

તંત્રી સ્થાનેથી ...

પ્રસન્નતા જીવનમાં સરળતા આપે છે.

અર્થતંત્રને તંદુરસ્ત બનાવવા દેશમાં કૃષિક્ષેત્રે વિકાસ જરૂરી

દેશના અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે જો ખરેખર વિકાસ કરવો હોય તો સરકારે કૃષિના વિકાસ પર ધ્યાન આપવું જોઈએ અને ખેડુતોને તમામ પ્રકારની સહાય કરવી જોઈએ, ખેત પેદાશોમાં વધારો થાય તો આવશ્યક વસ્તુઓના ભાવોને સામાન્ય બનાવી શકાય. વિદેશના અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે ભારતમાં ખેતી ક્ષેત્રે નવી ટેકનોલોજીનો ખુબ જ અભાવ છે.

ખેતી ક્ષેત્રે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે તો આ ક્ષેત્રમાં મહત્તમ ઉત્પાદન કરી શકાશે. કૃષિ મંત્રાલય દ્વારા આ બાબતે ખેડુતોને આગળ આવવા નવી નીતિ હાથ ધરવી જોઈએ. ઓછી મહેનતે વધુ ઉત્પાદન થાય તે માટે કૃષિ મંત્રાલય પાસે અનેક યોજના હોય છે તે બાબતે વિચારવું જોઈએ. ખેતીના પછાતપણાંને દુર કરવા માટે અમેરિકામાં ખાસ પ્રકારના વર્ગખંડો ઉભા કરવામાં જ્યાં ખેતી કરતા લોકોને નવી ટેકનોલોજીની સમજ આપવામાં આવે છે.

ખેતીક્ષેત્રે લગભગ તમામ તબક્કામાં આજે ટેકનોલોજીનો પ્રવેશ થઈ ચુક્યો છે. ખેત ઉત્પાદનની પ્રક્રિયાનાં મુખ્ય તબક્કાઓમાં જમીનને તૈયાર કરવાની પૂર્વ વાવેતર તબક્કાની કામગીરી, સિંચાઈ માટેની પ્રક્રિયા, જમીનમાં નકામા ઉગતા છોડનું નિંદામણ કરવું જરૂરી હોય છે, સમયાંતરે પાકોને સિંચાઈ આપવી અને પાક તૈયાર થયા પછી પાકને વેચાણ માટે સાફસુફી કરીને પાકને માર્કેટમાં મોકલવાની તજવીજ હાથ ધરાય છે. ખેતી ખુબ જ મહેનત માગી લે તેવો વ્યવસાય હોવા છતાં ભારતના અમુક વિસ્તારોમાં ખેડુતો 'બિચારા' બનીને દિવસો ગુજારી રહ્યા છે! આજકાલ ખેતીમાં તમામ પ્રકારની યાંત્રીકીકરણનો પ્રવેશ થઈ ગયો છે. વાવણી પહેલાની જમીન સમથળ બનાવવાથી માંડીને કાપણી સુધીની પ્રક્રિયા યંત્રોના ઉપયોગના કારણે સરળ બની છે.

વર્તમાન સંજોગોમાં ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરના પરિણામે ફળદ્રુપ જમીનોનું ધોવાણ થતા ખેડુતોની મહેનત નિષ્ફળ ગયેલ છે અને જમીનની ફળદ્રુપતા રહી નથી. જે ફળદ્રુપ અને ખાતરયુક્ત જમીન હતી તેવી મોટાભાગની જમીનોનું ધોવાણ થઈ ચુક્યા છે. તે જમીનોનું વળતર આપવું જોઈએ. જો કે કેટલાક ખેડુતોની જમીનોનું સર્વે પણ થયું નથી. આ બાબતે કૃષિ નિયામકે દરમ્યાનગીરી કરીને સરકારને યોગ્ય કરવા જણાવવું જોઈએ.

હાલના તબક્કે ખેડુતના માનવશ્રમમાં કલાકોમાં પણ સારી એવી બચત થઈ શકે છે. અગાઉ સિંચાઈ માટે પાકને પાણી આપવા માટે ચામડાના કોલ દ્વારા બળદોના ઉપયોગથી કુવામાંથી પાણી કાઢીને છેક ગટરો દ્વારા ક્યારા સુધી પાણી પહોંચાડવામાં આવતું હતું. પરંતુ હાલ કોલની જગ્યાએ પમ્પ દ્વારા પાણી પહોંચાડવાની સુવિધા ફાયદાકારક નિવડી છે. પમ્પના કારણે ખેડુતોના ઘણા કલાકો બચી જવા પામ્યા છે અને ઉત્પાદનમાં પણ સારો એવો વધારો થાય છે પરંતુ ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિ ઉભી થાય છે. ત્યારે ખેડુતની સ્થિતિ દયાજનક બની જતી હોય છે. જો ઈઝરાયલની પધ્ધતિથી ખેતી કરવામાં આવે તો મબલક પાક ઉતારી શકાય. દેશના અમુક વિસ્તારોમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ થયો છે. પરંતુ સમગ્ર દેશમાં ઈઝરાયલની ટેકનોલોજીનો ઉપયોગ થયો નથી. આ બાબતે સરકારે ખેડુતોને પ્રોત્સાહિત કરવા જોઈએ. જેથી કૃષિ ઉત્પાદનમાં વધારો થશે અને તમામ ક્ષેત્રે વિકાસ નજરે પડી શકશે!!

આરએસપીએલ ગ્રુપ લઈ આવ્યું છે વિનસ ક્રીમ બાર અને રજૂ કરે છે આપકી ખૂબસૂરતી ઉનકી નજરસે; સ્પર્ધા

અમદાવાદ

આરએસપીએલની ક્વોલીટી પ્રોડકટ વિનસ ક્રીમ બાર યુવાન પરિણીત યુગલોનેઅમદાવાદમાં આપકી ખૂબસૂરતી ઉનકી નજરસેર્ૈ; સ્પર્ધા માં સામેલ થવા અને પોતાના સંબંધોની કેમીસ્ટ્રી વ્યક્તકરવા અને અનુભવવા તથા પોતાના પ્રેમની નજાકત અને સૌંદર્ય પુનઃ પ્રાપ્ત કરવા આમંત્રણ આપે છે. આ સ્પર્ધામાં યુગલોને વિવિધ પ્રવૃત્તિઓમાં સાંકળવામાં આવશે અને એ દ્વારા તે પોતાના લગ્ન જીવનનો ભાવાત્મકઆંક ચકાસવા પ્રયાસ કરશે. ૩ તબક્કામાં વહેંચાયેલી આ સ્પર્ધામાં ફેસ ટુ ફેસ ઓડીશન અને ગ્રુમીંગ સેશન્સનોસમાવેશ કરવામાં આવ્યો છે. ત્યાર બાદ દરેક શહેરની ગ્રાન્ડ ફાયનલ યોજાશે અને તેમાં વિજેતા યુગલની જાહેરાતકરવામાં આવશે.અમદાવાદ શહેરમાં આ સ્પર્ધાની પ્રથમ ઈવેન્ટ તા. ૬ સપ્ટેમ્બરના રોજ અને સીટી ફાયનલ તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ યોજાશે. લોકોને પ્રાઈડ હોટલમાં યોજાનાર સ્પર્ધામાં સામેલ થઈ તેમના પ્રેમની વિપુલતા દર્શાવવા આમંત્રણ છે. સ્પર્ધાનુ પ્રથમ ડેસ્ટીનેશન હોવાને કારણે દરેક લગ્નકેવું નાજૂક અને અનોખુ બંધન છે તે બાબતે પ્રકાશ પાડીને દરેક તબક્કે પ્રેમને સતેજ કરીને તેના સંવર્ધન માટે પ્રયાસ કરાશે. એક બ્રાન્ડ પ્રોપર્ટી તરીકે શરૂ કરવામાં આવેલી આ સ્પર્ધામાં ૧૪ શહેરોના સ્પર્ધકો સામેલ થશે અને એમાં સામેલ થનારને આ સ્પર્ધા પોતાના લગ્નજીવનમાં પ્રેમને પુનઃ સતેજ કરવાની તક મળશે. આપણે એક સંકોચ ધરાવતા સમાજમાં રહેતા હોવાથી આ સ્પર્ધાના માધ્યમથી લાગણીઓ વ્યક્ત કરવાની તક પૂરી પાડીને યુગલોને પોતાના પ્રેમની તાકાત અને અભિવ્યક્તિ દર્શાવવાની તક પ્રાપ્ત થશે. આ સ્પર્ધાનો વ્યૂહાત્મક ધ્યેય યુગલોને તેમના લગ્ન જીવનનો નાતો મજબૂત કરીને તેને સંવર્ધિત કરીને માણવાનો છે.આ સ્પર્ધાનું આયોજન સપ્ટેમ્બરથી શરૂ કરીને ૬ માસ સુધી કરવામાં આવ્યું છે.

આ સંદર્ભમાં અમદાવાદ, રાજકોટ,નાગપુર, દિલ્હી એનસીઆર, અમૃતસર, ભોપાલ, ઈંદોર, જબલપુર, રાયપુર, આગ્રા, લખનૌ અનેવારાણસીમાંઓનગ્રાઉન્ડ એકટીવેશન્સનું આયોજન કરવામાં આવ્યું છે અને એમાં અનેક યુગલો પોતાના પ્રેમની કેમિસ્ટ્રી સ્ટેજ પર દર્શાવશે.આ સ્પર્ધાના યુગલોએ તેમની તસવીરો તથા છેલ્લે તેમણે તેમના જીવનસાથીની છેલ્લે ક્યારે કદર કરી તે અંગેનીસ્ટોરી લખીને મોકલવાની રહેશે. ત્યારબાદ ફેસ ટુ ફેસ ઓડીશન મારફતે યુગલોને શોર્ટલીસ્ટ કરવામાં આવશે. તે પછી નિષ્ણાતો સાથે ગ્રુમીંગ સેશન યોજાશે. ત્યારબાદ સીટી ફાયનલમાં રેમ્પ ઉપર વોક કરવાથી માંડીને વિવિધ ગેમ્સનુંઆયોજન થશે અને એને આધારે પેનલ તેમની વચ્ચેની કેમિસ્ટ્રી ચકાસશે. દરેક શહેરમાં એકસરખા ફોર્મેટને અનુસરવામાં આવશે અને એનાઆધારેઆવતા વર્ષના પ્રારંભે મુખ્ય ગ્રાન્ડ ફાયનલ યોજાશે.

nkRzkÿfkxe, k™ xf÷x {kx Novelgenix™ MHRA ™e {kLÞŒk {¤e

y{ËkðkË rMÚkkŒ r™þ s™hef zð÷k…{Lx f…™e™ Hydrocartisone 10 y™ 20 y{S xf÷x ™k Þf y™ Þhk…{k ð[ký {kx MHRA Þf™e {kLÞŒk {¤e A. Novelgenix y «Úk{ ¼khŒeÞ f…™e A s™ yk «kzfx {kx {kLÞŒk {¤e nkÞ. f…™e ™rþ s™hef Vk{kMÞxef÷ «kzfx y™ xf™k÷kS ™k rðfk,™k rf Í ™,{k fkÞhŒ A .

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

કહી દો કાળને કે...

ગતાંકથી ચાલુ

જીવનનો શું ભરોંસો? પળનો ય વિશ્વાસ નહીં-

'ખબર નહી હૈ પલકી
ઔર બાત કરે કલકી.'

ઘણીવાર નામમાત્રનો રોગ હોય ને ખબરે ય ના પડે ને માણસ ઉકલી જાય. જોકે એવું તો લાખ કિસ્સામાં એકાદવાર બનતું હોય છે. પણ અહીં તો દર્દીનાં સ્વજનો પહેલેથી ખાતરી માંગતાં હતાં કે દીકરાને જરાય ઉની આંચ પણ આવવી જોઈએ. હજુ તો કાંઈ નથી ત્યારે જ આમ રઘવાયાં-રઘવાયાં બનીને આવા આક્રમક મિજાજમાં હતાં એ..! ને પેલા લાખ કિસ્સામાં આજનો જ આ કિસ્સો નસીબમાં મંડાયેલો નહી હોય, તેની શું ખબર?

ડૉક્ટર ગુપ્તાએ વિચાર્યું કે રજા આપી દેવી. 'જાઓ, અમદાવાદ લઈ જાઓ.' પણ અમદાવાદ જતાં ચાર કલાક થાય. ચાર કલાકમાં દર્દીને સારવાર ના મળે. એમાં પણ જોખમ ઊભું થઈ જાય તો? દર્દીને તાત્કાલિક સારવારની જરૂર હતી ને એના સ્વજનોને ડૉક્ટર પર શ્રદ્ધાની જરૂર હતી. વગર સારવારે દર્દીને જોખમકારક પરિસ્થિતિમાં મુકવાને બદલે પોતાની નજર તળે રાખીને પુરતી સારવાર આપવી એવું ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તાએ વિચાર્યું ને ડૉક્ટરોને તો સદૈવ આવા ભય વચ્ચે જ કામ કરવું પડતું હોય છે. એવું વિચારવા બેસીએ તો ચિકિત્સા જ ના થાય. છેક સુધી રોગ સામે ઝઝૂમવું, લડી લેવું એ ડૉક્ટર માત્રનો ધર્મ. દર્દીને બચાવવો એ એમની પહેલી ફરજ હતી. દર્દીના સ્વજનોની લાગણીના અતિરેકને વિચાર્યા વગર દર્દીને શ્રેષ્ઠ સારવારથી બચાવી લેવો એવા નિર્ધાર સાથે તેમણે ખાતરી આપી દીધી.

દર્દીને તો સવારમાં દાખલ કરેલો. હું સાંજે ત્યાં ગયેલો. ડૉક્ટર કહે કે ચાલો બતાવું મને એ વાતમાં રસ હતો કે શું ગામડાના લોકો એટલા બધા સજાગ બની ગયા છે? કે હક્ક પ્રત્યે વધુ પડતા સભાન બન્યા છે? જો કે જ્યારે ડૉક્ટરે એમ કહ્યું કે- 'એ લોકો તો ઘો ને પણ મારીને સાથે લાવ્યા છે. ત્યારે મારી ઉત્સુકતા વધી ગઈ...'

ઘોને એ મારીને સાથે લાવ્યા છે... એ અંધશ્રદ્ધા છે. ને ખાતરી માગે છે એ વધુ પડતી જાગૃતિ છે. એ બન્નેની વચ્ચે ક્યાંક ચતુરબાઈ ઊભી છે. એ શું છે? એની સંવેદના જાણવામાં મને ઉત્કટ રસ. ને ડૉક્ટર કહે કે ચાલો બતાવું...

ડૉ.સુરેન્દ્ર ગુપ્તાની રુચિ હોસ્પિટલના એ સ્પેશીયલ રૂમમાં માધો આંખ બંધ કરીને સૂતેલો. એ અત્યારે એકદમ સ્વસ્થ હતો. જો કે લાગે એવો કે જાણે વર્ષોની બીમારીમાંથી ઊઠ્યો ના હોય? એની પાસે જ એની માતા ચતુરબાઈ બેઠેલાં. થોડે દૂર એના સ્વજન ઈશ્વરભાઈ અને અરજણભાઈ બેઠા હતા.

ચતુરાબાઈના મોંઢા ઉપર અત્યારે થોડીક ખુશીની ચમક દેખાઈ રહી હતી. કારણ કે એમની માન્યતા મુજબ તો દીકરો ભયમાંથી ઊગરી ગયો હતો. ડૉક્ટર સુરેન્દ્રભાઈ ગુપ્તાએ હસતાં હસતાં કહ્યું- 'માજી, હવે તો વિશ્વાસ બેઠો ને? સવારે તો તમે એક જ જીદ લઈને બેઠાં હતાં, અમદાવાદ લઈ જઈએ.'

ચતુરબાઈ ચૌધરીએ તુરત જ બચાવ કરતાં વળતો ઉત્તર વાળ્યો- 'હા તે વળી સાએબ, મારે આટલા દીવડા ચાં જઈને મૂચવા?'

થોડી ઔપચારિક વાતો થઈ પણ પેલું વાક્ય- 'મારે આટલા દીવડા ચાં જઈને મૂચવા' આ વિસ્તારની તળપદી ભાષામાં બોલાયેલું આ રૂપક મારા મનમાં ચોંટી ગયું. એની પાછળ છૂપાયેલું રહસ્ય મારે જાણવું હતું. કાંઈ પણ ન ભણેલ અબુધ અને અસમજ એવી આ બાઈ જાણે-અજાણ્યે ભાષાનું એક પરમ સૌંદર્ય પ્રગટ કરતી હતી. ને એના કરતાં ય એનું આ ખાતરી માગવાનું કૃત્ય- એની પાછળનો જે આશય હતો, તે પણ સમજવા જેવો હતો. ફરી પાછો હું એકલો તેમને મળવા આવ્યો. પહેલાં મેં એમને પૂછ્યું-

'જે ઘો તમારા દીકરાને કરડી હતી એને મારવાનું શું કારણ?'

'સાએબ, જો ઘો કેયડેને પસે અવળી પડીને આળોટં તો મારો દીકરો બચે નૈ...' ચતુરબાઈએ કહ્યું.

ઘો કરડે ત્યારે કે જ્યારે એ દબાણમાં આવે ે કે ભયમાં આવે. બાકી ઝેરી જનાવર એમને એમ ના કરડે. ખેડૂત તો કાયમી ખેતર, મોલ, વાડ ને કાંટા વચ્ચે રહેનારો. ઘો સાપ ને ઝેરી જનાવરની વસ્તી વચ્ચે ફળિયાંના ઓશીકે માટીના ઢેફાના બીછાના ઉપર ઘસઘસાટ ઊંઘી જનારા ખેડૂતને સાપ, વીંછી કે ઘો કાંઈ જઈને ચોંટી પડતાં નથી. ને એમ ખેડૂત કાંઈ ઘો, સાપ કે વીંછીને હલકે ને પલકે મારતા ય નથી. કીડીથી માંડીને મોટા મોટા જીવો ખેતરોમાં નભતા હોય છે, ખેડુત તો સર્વનો પાલનહાર; રક્ષક. 'કણબી પાછળ કરોડ, કણબી કોઈને કેડે નહીં.' એવી કહેવત એમ ને એમ નથી પડી. પણ ઘો કરડે તો એને મારવી? એની પાછળ માન્યતા કેવી? એ મને ના સમજાયું, ના ગમ્યું:

'ઘો ને તમે મારી નાખી. એને અવળી પડવાનો મોકો જ ના દીધો. તો પછી તમારા દીકરાનો ભય તો ટળી ગયોને? પછી તમને કેમ વિશ્વાસ ના આવ્યો?'

ચતુરબાઈએ કહ્યું- 'સાએબ, વશ્વાહ શી રીતે મૂચું આ દીચરાની ચેડે દસ માનવી બેઠું સ?'

'એટલે...?'

'ચાર દીચરી... બે નણદું, તઈણ બીજાં કટમ્બી... દહેનો ઓધાર આવડો આ દીચરો. એનો ઓધાર તૂટે તો મારે આટલા દીવડા ચાં મૂચવા? એટલે મેં તો આ સાએંબને કઈ દીધું કે જો તમે સૂટી પડતા હો તો અમને અતરઘડી રજા દઈ દો. બાચી, મારે દીચરો ઘૂઘરા જેવો થાવો જોંયે...'

પણ ડૉક્ટર દવા તો કરતા જ હતા ને?

'દવા કરેં પણ વશ્વાહ ચ્યમ ના ધ્યેં? ને સાએબ, દાંતીવાડાથી હું આંઈ આઈને માધાને જોયો ને એટલે તો મારા પજ જ ભાજી જયા વરા...'

'તે તમે એની સાથે ન હતાં?'

